**અરજદારની પાત્રતા** :-

- લાભાર્થી આદિજાતિ ખેડૂત હોવો જોઈએ.
- ૦ થી ૨૦ બી પી એલ સ્કોર ધરાવતા આદિજાતિ ખેડૂતો હોવા જોઈએ.
- વન અધિકાર અધિનિયમ હેઠળ ફાળવેલ જમીન ધારક હોવા જોઈએ.
- આદિમજૂથ હેઠળના જમીન ધરાવતા ખેડૂત.

**યોજના હેઠળ લાભ લેવા માટે જરૂરી આધાર પુરાવા**

- ૭/૧૨ નો નમુનો
- બી.પી.એલ કાર્ડ
- આધાર કાર્ડ
- રાશન કાર્ડ
- પાસપોર્ટ સાઈઝનો ફોટો

**ઓનલાઈન અરજી કરવાનું સ્થળ**

સબંધિત VCE,ઈ-ગ્રામ કેન્દ્ર,ગ્રામ પંચાયતના કોમન સર્વિસ સેન્ટર,સાયબર કાફે તથા ઈન્ટરનેટ કનેક્શન અને સ્કેનર ધરવતા કોઈપણ કોમ્પ્યુટર ઉપરથી.

**યોજનાનો હેતુ**

આદિજાતિ ખેડૂતોને પરંપરાગત ખેતીના સ્થાને બાગાયત ખેતી માટે પ્રોત્સાહિત કરવા,આજીવિકા અને આવક ઉભી કરવી.

**યોજના હેઠળ મળવાપાત્ર લાભ**

યોજના હેઠળ પાત્રતા ધરાવતા આદિજાતિ ખેડુતોને આંબાની ભેટ કલમ (૧૦ ગુંઠા જમીનમાં ૨૦ રોપા,૨૦ ગુંઠા જમીનમાં ૪૦ રોપા અને ૪૦ ગુંઠા જમીનમાં ૮૦ રોપા) તથા સેઢા પર વાવેતર કરવા માટે વાસ ૫ અને સાગના ૧૦ રોપા લાભાર્થી દીઠ વિતરણ કરવામાં આવશે.

**અમલીકરણ માટેના જીલ્લાઓ**

(૧) નર્મદા (૨) ભરૂચ (૩) તાપી (૪) સુરત (૫) નવસારી (૬) વલસાડ (૭) ડાંગ

**યોજના હેઠળ મોનીટરીંગ**

ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત,ગાંધીનગર તથા સબંધિત પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી

**યોજનાકીય વધુ માહિતી અને સહાય તથા માર્ગદર્શન માટે સંપર્ક કરો**

પ્રાયોજના વહીવટદારશ્રી,પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી,નર્મદા,ભરૂચ,સુરત,તાપી,નવસારી,વલસાડ અને ડાંગ.

યોજનાની ઓનલાઈન અરજી https://dsagsahay.gujarat.gov.in ઉપરથી કરી શકાશે.

**નોંધ** :-ફળાઉ ઝાડ રોપા વિતરણ યોજના હેઠળ અરજદાર ફક્ત ઓનલાઈન અરજી કરી શકશે.